# ડભોડામાં વર્ષો જુના દબાણો વેપારીઓએ જાતે જ હટાવી લેતા તંત્રને રાહત

## સુપ્રસિદ્ધ ડભોડીયા હનુમાનજી મંદિર જવાના મુખ્ય માર્ગ પરના અડચણરૂપ દબાણો હકારાત્મક અભિગમ દાખવી દબાણકર્તાઓએ જાતે જ દૂર કર્યા

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડમાં પૌરાણિક હનુમાનજીનું મંદિર આવેલુ છે. પરંતુ આ મંદિર જવાના મુખ્ય માર્ગે વર્ષોથી દબાણોએ અડ્ડો જમાવ્યો છે. જેના કારણે શ્રદ્ધાળુઓને ખૂબ તકલીફ ભોગવવી પડી રહી હતી. તાજેતરમાં જ રક્ષાબંધનની ઉજવણી નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ યાત્રાધામની મુલાકાત લીધી હતી તે વખતે આ દબાણો બાબતે ફરીયાદ થતા આજે દબાણકારોએ સ્વયંભૂ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

લોકોની આસ્થાના પ્રતિક સમાન ડભોડીયા હનુમાનજીના મંદિરે જવાના મેઈન રોડ પર વર્ષોથી દબાણો કરાયો હતા. આ દબાણોના કારણે શ્રદ્ધાળુઓને ઘણી મુશ્કેલી પડતી હતી. મુખ્યમંત્રીની ડભોડાની મુલાકાત બાદ તાલુકા તંત્ર દ્વારા આ દબાણો હટાવવાની ઝુંબેશ માટે કામગીરી આરંભાઈ હતી પરંતુ આ દબાણકારોએ જાતે જ પોતાના દબાણો હટાવી લેવાનુ મુનાસિબ માન્યું હતું. લગભગ ૧૫૦ થી પણ વધુ દબાણો આ કામગીરી દરમ્યાન હટાવાયા હતા. આ કામગીરી દરમ્યાન તાલુકા વિકાસ અધિકારી તેમજ તલાટી-કમ-મંત્રી સહિતના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

મંદિરે જવાના રસ્તે આવેલા અડચણરૂપ દબાણો હટતા શ્રદ્ધાળુઓએ રાહતનો દમ લીધો હતો. તેમજ અહીં વર્ષોથી નાનો-મોટો વેપાર કરી રોજીંદી રોજી-રોટી રળતા પરિવારોને મુશ્કેલી ના પડે તે વેપારીઓએ હકારાત્મક અભિગમ દાખવી પોતાની જાતે જ દબાણો ખસેડી લેતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા પાછળ ડભોડા ગામના યુવા સરપંચ અરવિંદભાઈ સોલંકીએ ખૂબ કુનેહથી કામ લઈને બંને પક્ષે વિકાસલક્ષી અભિગમથી વર્ષો જૂના દબાણના પ્રશ્નને સુખદ ઉકેલ આણ્યો હતો.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે પ્રકાશભાઈ અપાચી ડી-૨૬, શાંતિનગર ક-રોડ વાવોલ ખાતે યોજાશે.
- શ્રી શિવ-શકિત શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે દેવશંકર ભટ્ટ ૫૧૦/૧, ૩૫ વિરાટનગર ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના આજે રાત્રે ૯-૦૦ વાગે મહેશભાઈ ઠાકર સેકટર-૨૬ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં ગણેશ પ્રાગટય પ્રસંગ યોજાશે. ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

## મહાનગર પાલિકા ખાતે ધ્વજવંદન

ગાંધીનગર, તા.૧૩


૬૮મા સ્વાતંત્ર્ય દિન ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ શુક્રવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયર મહેન્દ્રસિંહ રાણાના વરદ હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા ભવન, સેકટર-૧૧ ગાંધીનગર ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા નાગરિકોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## સે-૨૧ ઓમકાર પાન પાર્લર દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

આઝાદી માટે બલિદાન આપનાર ભારત માતાના સપૂતો માટે સમગ્ર દેશ ગૌરવ અનુભવે છે અને તેમની શહાદતને યાદ કરી ૧૫મી ઓગષ્ટે શ્રદ્ધાંજલિ અર્પે છે. ગાંધીનગર સે-૨૧માં ઓમકારસિંહ આર. ઠાકુર છેલ્લા ૨૦ વર્ષથી સ્વાતંત્ર્ય સેનાનીની જેમ તિરંગાને નમન કરી દેશ માટે જાન ન્યોછાવર કરનાર વીર જવાનોને શ્રદ્ધાંજલિ અપે છે. આ વર્ષે પણ આઝાદીના ૬૮માં વર્ષના મંગળ પ્રારંભે ૧૫ ઓગષ્ટના રોજ ઓમકારસિંહ દ્વારા ધ્વજવંદન સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

## સેકટર-૫-બી ગોગા મહારાજના મંદિર ખાતે નાગ પંચમીની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

સેકટર-૫-બી શોપીંગ સેન્ટરની સામે આવેલ ગોગા મહારાજના મંદિર ખાતે ૮મા નાગ પંચમી પાટોત્સવની ઉજવણી આવતીકાલે નાગપંચમીના રોજ તા. ૧૪મી ઓગસ્ટના રોજ ધામધૂમથી કરવામાં આવશે. આ કાર્યક્રમના ભાગરૂપે સવારે ૯ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે. પૂર્ણાહુતિ સાંજે ૪ કલાકે અને સાંજે ૪.૩૦ કલાકે આરતી થશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા જય ગોગા યુવક મડંળ દ્વારા હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## ગાંધીનગર પોલીસના વધુ બે જુગારના અડ્ડા પર દરોડા

### જીઈબી પાસેથી સાત અને કોટેશ્વર પાસેથી ચાર જુગારીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પોલીસે ગઈકાલે અલગ અલગ સ્થળેથી ૨૨ જુગારીઓ પકડી પાડ્યા હતા. દરમિયાન આજે પણ બે વિવિધ દરોડામાં ૧૧ જુગારીઓ પકડી પાડ્યા છે. કોટેશ્વર ગામની સીમમાં અડાલજ પોલીસે અને જીઈબી છાપરા પાસેથી સે. ૨૧ પોલીસે દરોડો પાડીને જુગારીઓને પકડી પાડ્યા છે.

સેક્ટર-૨૧ પોલીસે બાતમીને આધારે જીઈબી છાપરા પાસે જામેલા શ્રાવણીયા જુગાર પર દરોડો પાડીને આઠ શખ્સોને રંગેહાથ જુગાર રમતા પકડી પાડ્યા હતા. તોસીફ ફારૂન રસીદ સૈયદ, પેથાપુર ગામમાં રહેતા જિગ્નેશ રામાજી વિહોલ, જમીર સીલમ શેખ, અમિન અશોક સાધુ, મહેબુબહુસેન બેલીમ, રાકેશ જગુ વાંસફોડીયા, સિરાજ ઈમ્બાલ બેગરા અને ઈરફાન અનવર સિપાઈ મળીને આઠેયની રૂ. ૧૨ હજાર રોકડા સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ અડાલજ પોલીસે કોટેશ્વર ગામની સીમમાં ખુલ્લેઆમ ખેતરમાં બાજી માંડીને બેઠેલા મોટેરાના ચાર શખ્સો ભરત શકરા ઠાકોર, ભરત કાનાજી ઠાકોર, ભીખા ગજા પ્રજાપતી અને જીગ્નેશ રાજેશ પટેલની રૂ. ૧૨,૮૫૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી.

## દ્વારકેશ રેસીડેન્સીમાં ભારતમાતા પારાયણ

ક-રોડ વાવોલમાં આવેલ દ્વારકેશ રેસીડેન્સીમાં ભારતમાતા પારાયણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સોસાયટીમાં આવેલ દરેક બ્લોકમાં રોજ રાત્રે સોસાયટીના સભ્યો મળી દેશભક્તિની વાતો કરે છે. ૧૫મી ઓગસ્ટ પહેલાના સપ્તાહમાં દરેક બ્લોકના એક સભ્ય દ્વારા દેશની સંસ્કૃતિ, સ્વાતંત્ર્ય, સંગ્રામના લડવૈયાઓની શહિદીની રસપૂર્વક ચર્ચા કરવામાં આવે છે. કાર્યક્રમનો ઉદ્દેશ સોસાયટીમાં રહેતા દરેક સભ્ય ભારતની આઝાદીની ચળવળથી વાકેફ થાય તે માટેનો છે.

## એક વ્યકિતને માર મારવાના કેસમાં આરોપીને ૨ વર્ષની કેદ

### દારૂના નશામાં ચકચુર આરોપીએ કુહાડી વડે હુમલો કર્યો હતો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામમાં એક વ્યકિતને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડવાના ગુન્હામાં કોર્ટે આરોપીને બે વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

તા. ૧ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૦ના રોજ જિલ્લાના નારદીપુર ગામમાં રહેતા અજીજી મહેજી વાઘેલાને આરોપી બાબુજી ઉર્ફે ગાંડો આતાજી ઠાકોરે જીઈબી ત્રણ રસ્તા પાસે માર માર્યો હતો. રાત્રિના સમયે દારૂ પીને આવેલા બાબુએ કુહાડી વડે અજીજીને માર મારતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ કલોલની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી જેમાં તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપીએ અજીજી પર હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી છે. આરોપી માથા ભારે ઈસમ છે તેને સખત સજા થવી જોઈએ. જે દલીલો તેમજ કોર્ટની જુબાનીને ધ્યાને લઈ જજ જી.એમ. પટેલે આરોપીને ઈપીકો કલમ ૩૨૬ના ગુનામાં બે વર્ષની કેદ તેમજ રૂ. ૫૦૦ દંડ પેટે ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત ઈપીકો કલમ ૫૦૪ના ગુનામાં પણ બે માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલા સશકિતકરણની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩




અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિયા નિમિત્તે સુરક્ષા સેતુ તથા મહિલા કલ્યાણ દિવસની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા' માં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ, સંકલિત બાળ વિકાસ યોજનાના નાયબ નિયામક શ્રીમતી છાયાબેન ઉપાધ્યાય, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ.એન. બલાત, નિવાસી અધિક કલેકટરશ્રી એમ.ડી. મોડીયા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. આર.વી. પંડયા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસચિવ શ્રી એમ.એસ. ડાગુર, સમાજ સુરક્ષા નિયામક શ્રી સુરેશભાઈ કાનાબાર, સમાજ સુરક્ષા ખાતાના નાયબ નિયામકશ્રી હીનાબેન પટેલ, વકીલ શ્રી ભારતીબેન ભાવસાર તથા સે-૭ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર શ્રી કેમોની જોસેફ ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાના કાર્યો અંગેની વિગતો મેળવી હતી. સંસ્થાના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠા દવેએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપી હતી. આ પ્રસંગે કારોબારીના સરોજબેન દેસાઈ, હિતેષીબેન ભટ્ટ, ઉષાબેન ગજ્જર, પલ્લવીબેન ગુપ્તે અને લીનાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા તથા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## પોસ્ટ ઓફીસમાંથી હોમગાર્ડ કચેરીના રૂ. ૧૧.૭૩ લાખના ચેકો ગુમ..!

ગાંધીનગર સ્થિત હોમગાર્ડ કચેરીના એપ્રિલ અને મે માસના સરકારી ચેકોના નાણા રૂ. ૧૧,૭૩,૭૬૦ હેડ પોસ્ટ ઓફીસ ગાંધીનગર ખાતે મોકલી દેવાયા હતાં. આર.પી.એ.ડી.થી મોકલેલા આ ચેકો મુખ્ય પોસ્ટ ઓફીસમાં જ ગુમ થઈ જવા પામ્યા છે. જેને પગલે ચેકોનું સ્ટોપ પેમેન્ટ કરવા ગાંધીનગર સ્થિત એસબીઆઈ મુખ્ય શાખામાં જાણ કરી ગુમ થયેલા ચેકોની જગ્યાએ નવા ચેકો મેળવવા કાર્યવાહી શરુ કરવામાં આવી છે. આ ચેકો ગુમ થવાની ઘટનાને પગલે તમામ હોમગાર્ડ જવાનોનો પગાર પણ અટકી ગયો છે.

## શહેર કોંગ્રેસ આજે સે-૭, ૨૪માં સભ્ય નોંધણી કરશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સમગ્ર ગુજરાતમાં 'સભ્ય નોંધણી'ની ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં ગાંધીનગર શહેરમાં પણ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૯-૮-૨૦૧૪થી સભ્ય નોંધણી ઝુંબશ શરુ કરવામાં આવેલ છે.

જેમાં પ્રજાજનો દ્વારા ખુબ જ સાથ અને પ્રતિસાદ મળી રહ્યો છે. શહેરમાં નગરજનો/ગ્રામજનો ઉત્સાહભેર આ સભ્ય નોંધણી ઝુંબેશ કાર્યક્રમમાં જોડાય તે હેતુથી ગાંધીનગર શહેરમાં ઝોન-૧માં સેકટર-૭ના શોપીંગ સેન્ટર ખાતે અને ઝોન-૨માં સેકટર-૨૪ના શાકમાર્કેટ ખાતે આજ રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સભ્ય નોંધણી ઝુંબેશ કાર્યક્રમ યોજવામાં આવેલ છે તેના અનુસંધાને સૌ કોંગ્રેસી જનો અને પ્રજાજનોને આ સભ્ય નોંધણી ઝુંબેશમાં ભાગ લેવા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે.

## લાયોનેસ કલબ અને લાયન્સ કલબ ગાંધીનગરે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજયો

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૨ અને સેકટર-૧માં વૃક્ષારોપણનો કાર્યક્રમ ગાંધીનગરના સ્થાપના દિને વન વિભાગના સહયોગથી કરવામાં આવ્યો લાયોનેસ પ્રમુખ ચંદાબેન યાદવ, સેક્રેટરી ડિમ્પલ દેસાઈ, લાયન્સ કલબના પ્રમુખ જશવંતસિંહ રહેવર અને બંને કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કલોલમાં હાઈ સિકયુરીટી નંબર પ્લેટ માટેનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા કલોલમાં વાહનોની હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાનો કેમ્પ યોજવામાં આવશે. તા. ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી તાલુકા પંચાયત કવાટર્સ આઈટીઆઈ પાસે યોજવામાં આવશે. આ કેમ્પમાં જે વાહન માલિકોએ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ન લગાવેલ હોય તેમણે પોતાનું વાહન લઈને કેમ્પમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## ચિલોડા-દહેગામ પંથકના ખેતરો મગફળી અને કપાસના પાકથી લહેરાયા

### જુલાઈના સારા વરસાદે ખેડૂતોમાં હર્ષની લાગણી ફેલાવી : દોઢ માસમાં મગફળીનો પાક તૈયાર થશે ત્યારબાદ બટાકાનું વાવેતર કરવાની ખેડૂતોનું આયોજન

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના ચિલોડા-દહેગામ પંથકમાં ખરીફ પાક તરીકે કપાસ, મગફળી જવાના માર્ગ પર અને આસપાસના ગામો જેવા કે મગોડી, નાંદોલ, સોલંકીપુરા વગેરેમાં મગફળીનું સારા પ્રમાણમાં વાવેતર થવા પામ્યું છે. આ મગફળીના પાકમાં


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

અને શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર થવા પામ્યું છે. આ વર્ષે ભલે જૂન માસ કોરો ધાકોર ગયો પરંતુ જુલાઈ માસના અંત સુધીમાં મેઘરાજાની પધરામણી થતા ખરીફ પાકને જીવતદાન મળ્યું હતું જેના કારણે ખેડૂતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

વાવણીલાયક વરસાદ થવાથી આ પંથકમાં ખરીફ રોકડીયા પાક તરીકે કપાસ અને મગફળીનું પિયત દ્વારા વાવેતર કરાયું હતું. વાવેતર બાદ ધીમી ધારે મક્કમ વરસાદ વરસતા આ પાકોથી અત્યારે ખેતરો લીલાછમ્મ બનીને લહેરાઈ રહ્યા છે. હાલ ચિલોડાથી દહેગામ નીંદામણ દૂર કરવા બળદ દ્વારા રોપડી કરવામાં આવી રહી છે. જ્યારે નાની ઈયળોના ઉપદ્રવને નિયંત્રિત કરવા કિસાનો દ્વારા દવાનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. હાલ મગફળીના છોડ પર ફૂલ તેમજ જમીનમાં મગફળીના દાઢા બેસતા હવે માત્ર દોઢ માસમાં મગફળીનો પાક તૈયાર થઈ જવાની આશા બંધાઈ છે. અનુકુળ વાતાવરણ અને ઉજળા સંજોગોના કારણે ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રવર્તી રહી છે. મગફળીના પાક પછી ખેડૂતો શિયાળુ સીઝનમાં શાકભાજીના રાજા બટાકાની ખેતી કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭
સૂર્યાસ્ત : ૭.૧૧

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૭૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૨.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

જીગર ઠંડા (તમીલ) : ૭.૦૦

કીક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીક :૧૦.૦૦,

એન્ટરટેઈન્મેન્ટ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

કીક : ૧૨.૦૦, ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

**વૃષભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મિથુન** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કર્ક** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**સિંહ** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કન્યા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**તુલા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**ધન** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**મકર** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કુંભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મીન** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન રમણભાઈ મોદી (ઉ.વ.૮૫) ૨૩૪, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ.હેમાબેન સવજીજી ઠાકોર (ઉ.વ.૯૦) મુ. લવારપુર, તા.જી. ગાંધીનગર.
- પટેલ ભગવાનભાઈ ગુલાબદાસ (ઉ.વ.૬૫) મુ.પો. ચીલોડા, તા.જી. ગાંધીનગર.